# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-11-2024 Morning : 7.45 to 7.55

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

**************************************************

1) વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર આજથી છ દિવસ ઑસ્ટ્રેલિયા અને સિંગાપોરના પ્રવાસે જશે

2) ભાજપ વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે પક્ષનો ચૂંટણી ઢંઢેરો – સંકલ્પપત્ર જાહેર કરશે

3) અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ પદ માટેની ચૂંટણી માટે અંતિમ તબક્કાનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે

4) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરોએ લદ્દાખના લેહમાં દેશના પહેલા એનાલોગ અવકાશ અભિયાનનો પ્રારંભ કર્યો

5) ભારતનાં માલવિકા બંસોડ હાયલો ઑપન બેડમિન્ટન સ્પર્ધાના મહિલા સિંગલ્સ ફાઈનલમાં પહોંચ્યાં

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JAISHANKAR AUSTRALIA SINGAPORE

વિદેશ મંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકર આજથી છ દિવસ ઑસ્ટ્રેલિયા અને સિંગાપોરના પ્રવાસે જશે. દરમિયાન તેઓ બ્રિસબેન જશે અને ઑસ્ટ્રેલિયામાં ભારતના ચોથા વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કરશે. તેઓ કેનબરા ખાતે ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેન્ની વૉન્ગ સાથે વિદેશ મંત્રીસ્તરના માળખાકીય સંવાદની 15મી બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ મંત્રી ઑસ્ટ્રેલિયાના સંસદ ભવન ખાતે બીજા રાયસીના ડાઉન અંડરના ઉદ્ઘાટન સત્રને પણ સંબોધિત કરશે. ડૉ. જયશંકર ઑસ્ટ્રેલિયાના નેતાઓ, સાંસદો, પ્રવાસી ભારતીય સમુદાયના સભ્યો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, મીડિયા સહિત અન્ય અગ્રણીઓ સાથે સંવાદ કરશે. પ્રવાસના બીજા તબક્કામાં શ્રી જયશંકર આઠ નવેમ્બરે સિંગાપોર પહોંચશે.

દરમિયાન તેઓ આશિયાન-ભારત થિન્ક ટેન્કની આઠમા ગોળમેજી સંવાદને પણ સંબોધિત કરશે. તેઓ બંને દેશ વચ્ચેની ભાગીદારીની સમીક્ષા અને દ્વિપક્ષીય સંબંધ વધુ ગાઢ બનાવવાના માર્ગ શોધવા માટે સિંગાપોરના નેતાઓ સાથે બેઠક યોજશે.

# BUDDHIST CONFEDERATION

સંસ્કૃતિ મંત્રાલય, આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના સૌજન્યથી આ મંગળવાર અને બુધવારે નવી દિલ્હીમાં પહેલી એશિયન બૌદ્ધ શિખર સંમેલનનું આયોજન કરાશે. "એશિયાને સુદ્રઢ બનાવવામાં બુદ્ધ ધમ્મની ભૂમિકા" એ આ સંમેલનનો વિષય હશે. સંમેલનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

સંમેલનમાં એશિયાની વિવિધ બૌદ્ધ પરંપરાના વિદ્વાન, બૌદ્ધ સમુદાયના સમકાલીન પડકારોના નિવારણ પર ચર્ચા કરાશે. બૌદ્ધ ધર્મનો ભારત અને એશિયાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઇતિહાસમાં વિશેષ સ્થાન છે. આ સંમેલન એશિયામાં બુદ્ધ ધમ્મની વિવિધ પરંપરાઓને સાથે લાવવાની એક તક છે.

# JHARKHAND AMIT SHAH

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે પક્ષનો ચૂંટણી ઢંઢેરો – સંકલ્પપત્ર જાહેર કરશે. શ્રી શાહ આજે ઘાટશિલાના ધાલભૂમગઢ, હજારીબાગના બરકઠ્ઠા અને ચતરાના સિમરિયામાં ત્રણ ચૂંટણી સભા પણ સંબોધશે. કેન્દ્રીય ગૃહમંત્રી ઝારખંડના 2 દિવસના પ્રવાસ પર ગઈકાલે રાત્ર રાંચી પહોંચ્યા છે. તેઓ પક્ષના નેતાઓ સાથે ચૂંટણી અંગેની તૈયારીની પણ સમીક્ષા કરશે.

# PUNJAB NARCO SMUGGLING

પંજાબમાં સરહદ પારથી માદક પદાર્થોની તસ્કરી યથાવત્ છે. રાજ્યમાં આ વર્ષે અત્યાર સુધીમાં એક હજાર કિલોથી વધુ માદક પદાર્થ જપ્ત કરાયો છે. સરહદ સલામતી દળ અને પંજાબ પોલીસે મોટી સંખ્યામાં નશીલા પદાર્થ જપ્ત કર્યા છે અને 10 હજારથી વધુ તસ્કરોની ધરપકડ કરી છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

..............................................................................

# US PREZ POLL

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ પદ માટે ચૂંટણીને બે દિવસ બાકી છે ત્યારે રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પક્ષનાં ઉમેદવાર કમલા હેરિસે ઉત્તર કેરોલિના અને વર્જિનિયામાં અનેક રેલી યોજી હતી. ઉત્તર કેરોલિનામાં ડેમોક્રેટિક પક્ષ તરફથી જોરદાર પ્રચાર થઈ રહ્યો હોવાથી ત્યાં જીતવું રિપબ્લિકન પક્ષ માટે જરૂરી છે. આ ચૂંટણી માટે અત્યાર સુધીમાં સાત કરોડથી વધુ મતદાન થઈ ગયું છે. જોકે, વર્ષ 2020ની સરખામણીએ આ મતદાન ઓછું છે.

વર્ષ 2020માં દસ કરોડ 15 લાખ લોકોએ મતદાન કર્યું હતું, પરંતુ વર્ષ 2016 અને 2012માં થયેલા મતદાનથી આ વધુ છે. આ ચૂંટણીમાં અમેરિકાના સાત રાજ્ય નેવાદા, એરિઝોના, ઉત્તર કેરોલિના, જ્યોર્જિયા, વિસ્કોન્સિન, મિશિગન અને પેન્સિલ્વેનિયા નિર્ણાયક ભૂમિકા ભજવશે. ઉમેદવારને 538 ઇલેક્ટોરલ મતમાંથી ઓછામાં ઓછા 70 મત મેળવવા પડશે. બંને પક્ષના ઉમેદવારોને જીતવા માટે ઓછામાં ઓછા ત્રણ રાજ્યમાં વધારે મત મેળવવા આવશ્યક છે

# RAJNATH DEFENCE EXPORT

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ભારતના આત્મનિર્ભર અભિયાનના અપેક્ષિત પરિણામ મળી રહ્યા છે અને વર્ષ 2029-30 સુધી દેશની સંરક્ષણ નિકાસ 50 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થાન કાનપુરના 65મા સ્થાપના દિવસ સમારોહને સંબોધિત કરતા શ્રી સિંહે પ્રધાનમંત્રીના નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં સ્વદેશી ટેક્નૉલોજી ક્ષમતાને વિકસાવવા યુવાનોને આહ્વાન કર્યું હતું.

સંરક્ષણ મંત્રીએ યુવા ઇજનેરોને પોતાની ક્ષમતાનો ઉપયોગ કરીને આધુનિક ટેક્નૉલોજી વિકસિત કરવા અને દેશના વિકાસમાં યોગદાન આપવા પણ આહ્વાન કર્યું હતું. શ્રી સિંહે કહ્યું કે, આઈ.આઈ.ટી. કાનપુર જેવી સંસ્થાન સ્વદેશી ટેક્નૉલોજી ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં સક્ષમ છે. શ્રી સિંહે ઉમેર્યું કે, દસ વર્ષ પહેલા દેશની સંરક્ષણ નિકાસ લગભગ 600 કરોડ રૂપિયા હતી, જે આજે 21 હજાર કરોડ રૂપિયાને પાર પહોંચી છે.

# ANALOG SPACE MISSION

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરોએ આંતરગ્રહીય વસવાટમાં જીવનનું અનુકરણ કરવા માટે લદ્દાખના લેહમાં દેશના પહેલા એનાલૉગ અવકાશ અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ પગલું ભારતના નજીકના ભવિષ્યમાં ચંદ્રમા પર માનવ મોકલવાના આયોજનના ભાગરૂપે મહત્વનું છે.

એનાલૉગ અવકાશ અભિયાન પૃથ્વી પર અવકાશ વાતાવરણની સાથે ભૌતિક સમાનતા રાખનારા અને અવકાશ ઉડાન સંશોધન માટે સમસ્યા નિવારણમાં મહત્વની ભૂમિકા ધરાવતા સ્થળોનું પરિક્ષણ છે. લદ્દાખની ભૌગોલિક વિશેષતાઓના મંગળ ગ્રહ અને ચંદ્ર પ્રકૃતિ ચિત્ર સમાન હોવાના કારણે આ વિસ્તારને એનાલૉગ અભિયાન માટે પસંદ કરાયો છે. એક મહિના સુધી ચાલનારું આ અભિયાન ભારતની ચંદ્રમા પર આવાસ સ્થાપિત કરવાની યોજનાના ભાગરૂપે આંતરગ્રહીય અભિયાન શરૂ કરવા માટે આધાર પૂરો પાડી શકે છે.

# INDIA START UP

ભારતીય નવીન સ્ટાર્ટ અપે ચાલુ વર્ષના પ્રથમ 10 મહિનામાં 12 પૂર્ણાંક 2 બિલિયન ડોલરનો આંકડો પાર કર્યો છે. આ રકમ વર્ષ 2023માં એકત્રિત થયેલ કુલ રકમથી વધુ છે. સ્વદેશી નવીનતાએ ઓક્ટોબર મહિનામાં એક બિલિયન ડોલરનો આંકડો પાર કર્યો છે.

ગત મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કેન્દ્રીય મંત્રીમંડળે વિકસતા અંતરિક્ષ ક્ષેત્ર માટે એક હજાર કરોડ રૂપિયા મંજુર કર્યા હતા. રોકાણની તકો અને ધન સંબંધી જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં આ રકમ પ્રતિ વર્ષ 150 થી 250 કરોડ રૂપિયા વધારી શકાય છે ..

# HYLO OPEN BADMINTON

ભારતનાં માલવિકા બંસોડ ડેન્માર્કનાં જૂલિ ડાવલ જેકબસેનને હરાવીને હાયલો ઑપન બેડમિન્ટન સ્પર્ધાના મહિલા સિંગલ્સ ફાઈનલમાં પહોંચ્યાં છે. ફાઈનલમાં આજે તેઓ ડેન્માર્કના સાતમા ક્રમાંકિત ખેલાડી મિયાબ્લિચફેલ્ટ સામે રમશે. વર્ષ 2022માં સૈયદ મોડી આંતરરાષ્ટ્રીય B.W.F. સુપર 300 સ્પર્ધામાં પી.વી. સિંધુ સામે પરાજિત થઈને ઉપ-વિજેતા રહ્યા બાદ વિશ્વ બેડમિન્ટન સંઘના વિશ્વ પ્રવાસમાં માલવિકા બંસોડ આજે બીજી વાર ફાઈનલમાં રમશે.

# ARCHERY SWISS INDOORS

ભારતના અતનુ દાસે સ્વિત્ઝર્લેન્ડના લુસાને ખાતે યોજાયેલી સ્વિસ ઑપન ઇન્ડોર તીરંદાજી સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. અતનુ દાસે સ્વિત્ઝર્લેન્ડના થૉમસ રૂફરને 6—4થી પરાજય આપ્યો હતો.

આ પહેલા સેમિ-ફાઈનલમાં અતનુ દાસ ફ્રાન્સના રૉમેન ફિચેટ સામે 4—5થી હારી ગયા હતા. રૉમેને ફિચેટ અને ઈટલીના એલેસેન્ડ્રો પાઓલીએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. આ સ્પર્ધામાં 31 દેશના 300થી વધુ તીરંદાજ ભાગ લઈ રહ્યા છે.

# RAILWAY SPECIAL TRAINS

છઠ અને અન્ય તહેવાર નિમિત્તે રેલવે વિશેષ ટ્રેનનું સંચાલન કરી રહ્યું છે. લગભગ 20 વિશેષ ટ્રેન રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોના મુખ્ય રેલવે મથકથી દોડાવવામાં આવશે, જેમાં દરભંગા, રાંચી, પટના, કટરા, મુજફ્ફરપુર, બલિયા, કામખ્યા અને આઝમગઢ સામેલ છે.